જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૪૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૬૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૪૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ:– **સમાચાર યાદી નં.૧૪૦૨/૨૦૨૬**

ઓઢવ: શરદ ભગવાનભાઈ વર્મા (રહે. દિપાલીનગર આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૩૦ થી તા.૦૪/૧૦/૨૦૨૬ કલાક ૦૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૨,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૮૩,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૪૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યા:– **સમાચાર યાદી નં.૧૪૦૩/૨૦૨૬**

સોલા હાઈકોર્ટ: ચાંદલોડીયા મહાદેવનગર વિભાગ–૨ પ્રથમ માળ ઓરડીમાં રહેતા અને કલરકામની મજુરી કરતા સુમીતકુમાર બન્ટીકુમાર ઘાકડ (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ–પાલી તા–ગોહદ જી–ભીંડ મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૨૪ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

રામોલ: અજય લાલચંદભાઇ ખટીક (ઉ.વ.૨૨) (રહે. પ્રકૃતિ રેસીડેન્સી દુર્ગાનગર સોસાયટી પાસે તક્ષશીલા સ્કુલ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી